પર્વત પર ગયા અને ત્યાં અનશનપૂર્વક બધા સાધુઓ અને આચાર્ય વજ્રસ્વામી સ્વર્ગવાસ પામ્યા.

આ ઘટના બન્યા પછી સૌધર્મેન્દ્રદેવે અહીં આવી રથ વડે આ ગિરિરાજની પ્રદક્ષિણા કરી. આથી આ ગિરિરાજ ત્યારથી રથાવર્તગિરિ નામે પ્રસિદ્ધ થયો. આચાર્ય વજ્રસ્વામીના સ્વર્ગવાસ પછી દશમું પૂર્વ, ચોથું સંસ્થાન અને ચોથું સંહનન વિચ્છેદ પામ્યું હતું. ('પ્રભાવકચરિત્ર'ને આધારે.)

[ શ્રી વજ્રસ્વામીના સ્વર્ગવાસ સંબંધમાં 'પ્રભાવકચરિત્ર'માં કોઈ ઉલ્લેખ નથી. પણ યુગપ્રધાન પટ્ટાવલીઓમાં એ બધી વાતોનો ખુલાસો કરેલો છે. શ્રી વજ્રસ્વામી પ્રથમ ઉદયના ૧૮મા યુગપ્રધાન હતા. એમનું આયુષ્ય ૮૮ વર્ષનું હતું, જેમાંનાં ૮ વર્ષ ગૃહપર્યાયમાં, ૪૪ વર્ષ સામાન્ય શ્રમણપર્યાયમાં અને ૩૬ વર્ષ યુગપ્રધાનપર્યાયમાં વ્યતીત થયાં હતાં. તેમનો જન્મ વીરનિર્વાણ સં. ૪૯૬માં, સં. ૫૦૪માં દીક્ષા, સં. ૫૪૮માં યુગપ્રધાનપદ અને સં. ૫૮૪ (વિ. સં. ૧૧૪)માં આ અંતિમ દશ પૂર્વધર આચાર્યનો સ્વર્ગવાસ થયો હતો.—પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજ. ]

## જેમના દ્વારા ચાર અનુયોગોમાં વિભાજિત આગમો અદ્યાપિપર્યંત પ્રવર્તી રહ્યાં છે એવા યુગપ્રભાવક

# આચાર્યશ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજ

અવંતિ (માળવા) દેશમાં દશપુર નામે નગર હતું. તેમાં વિશિષ્ટ બુદ્ધિવાળો સોમદેવ નામે પુરોહિત રહેતો હતો. તેને રુદ્રસોમા નામે પ્રિયા હતી. તેને બે પુત્રો થયા. તેમાં પહેલો આર્યરક્ષિત અને બીજો ફલ્ગુરક્ષિત હતો. પુરોહિતે બંનેને અંગસહિત વેદો ભણાવ્યા. આર્યરક્ષિત પોતે વિદ્વાન થયા અને વિશેષ અભ્યાસ માટે પાટલિપુત્ર ગયા. ત્યાં દિવ્યબળની સ્ફુરણાથી અલ્પકાળમાં ગુપ્ત વેદોપનિષદનો પણ અભ્યાસ કર્યો; અને ઉપાધ્યાયની અનુજ્ઞા લઈ પોતાને નગર પાછા ફર્યા. રાજ્યના પુરોહિતે આર્યરક્ષિતની પ્રકાંડ વિદ્વત્તાનું રાજાને નિવેદન કરતાં રાજા પોતે હાથી પર ચડી તેની સામે આવ્યો. અને રાજાએ મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. અનુક્રમે તે પોતાના આવાસમાં આવ્યો.

તેની માતા રુદ્રસોમા જીવાજીવાદિક નવ તત્ત્વના વિસ્તારને જાણનારી શ્રાવિકા હતી. તે સામાયિકમાં હોવાથી, ઉત્કંઠાયુક્ત અને જમીન સુધી મસ્તક નમાવીને પ્રણામ કરતાં પોતાના પુત્રને જોઈને પણ, સામાયિક-ભંગને લીધે, આશિષથી વધાવ્યો નહિ. આથી અત્યંત ખેદ પામી આર્યરક્ષિત વિચારવા લાગ્યા કે—"અભ્યાસ કરેલ સહુ શાસ્ત્રો મારે મન તુચ્છ જેવાં છે કે જેથી મારી માતા તો સંતોષ ન પામી!" એમ ધારીને એ કહેવા લાગ્યા કે—"હે માતા! તમે ઉદ્વિગ્ન કેમ દેખાઓ છો? સંતુષ્ટ કેમ નથી?" ત્યારે માતા બોલી કે—"દુર્ગતિને આપનાર તારા એ અભ્યાસથી હું શી રીતે સંતુષ્ટ થાઉં?" ત્યારે આર્યરક્ષિતે કહ્યું—"તો હવે વિલંબ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા વિના મને આજ્ઞા આપો કે જે અભ્યાસથી તમને સંતોષ થાય તે કરું. બીજા કાર્યનું મારે શું પ્રયોજન છે?" એ સાંભળી માતા રુદ્રસોમાએ કહ્યું—"હે વત્સ! ચોતરફથી પ્રગટ થતા ઉપદ્રવને નષ્ટ કરનારા આત્મકલ્યાણકારી અને અન્ય મતાવલંબીઓના જાણવામાં ન આવેલ એવા જિનભાષિત બારમા અંગ દૃષ્ટિવાદનો અભ્યાસ કર." દૃષ્ટિવાદનું નામ પ્રથમ વાર જ સાંભળી આર્યરક્ષિત વિચારવા લાગ્યા કે—"સર્વ તીર્થોમાં શિરોમણિ એવી હે માતા! મને તેનો અધ્યાપક બતાવો, કે જેથી હું સત્વરે અભ્યાસ શરૂ કરું." ત્યારે રુદ્રસોમા કહેવા લાગી કે—"વિનયના સ્થાનભૂત હે વત્સ! તું સાવધાન થઈને સાંભળ. અબ્રહ્મ અને પરિગ્રહના ત્યાગી, મહાસત્ત્વવંત, પોતાના અંતરમાં પરમાર્થ બુદ્ધિ ધરાવનાર, સદ્જ્ઞાનના નિધાન એવા જૈનાચાર્ય તોસલિપુત્ર એ ગ્રંથના જ્ઞાતા છે. તે અત્યારે તારા શેરડીના વાડામાં છે. તો હે નિર્મળમતિ! તેમની પાસે તું એ ગ્રંથનો અભ્યાસ કર, કે જેથી તારા ચરિત્રથી મારી કુક્ષિ શીતળ થાય."

એ પ્રમાણે સાંભળી, 'પ્રભાતે જઈશ' એમ કહીને અભ્યાસની ઉત્કંઠામાં તેણે એ રાત પસાર કરી. પ્રભાત થતાં તે બહાર નીકળ્યા. એવામાં અર્ધમાર્ગે તેના પિતાનો એક બ્રાહ્મણમિત્ર તેને સન્મુખ થયો. તે આર્યરક્ષિત માટે શેરડીના સાડા નવ સાંઠા સ્કંધ પર લઈને આવતો હતો. તેણે નમસ્કાર કરતાં આર્યરક્ષિતને સ્નેહથી આલિંગન આપ્યું અને કહ્યું કે—"તું પાછો ઘેર ચાલ." ત્યારે આર્યરક્ષિત બોલ્યા કે—"માતાના આદેશથી હું જઈને સત્વરે પાછો આવીશ. તમે હમણાં મારા બંધુને સંતુષ્ટ કરવા ઘરે જાઓ." એમ કહી તે આદરપૂર્વક ઇક્ષુવાડા તરફ ચાલ્યો. જતાં જતાં આર્યરક્ષિત વિચારવા લાગ્યા કે—"અહો! આ શ્રેષ્ઠ દૃઢ નિમિત્તથી એ ગ્રંથોના સાડા નવ અધ્યાય અથવા પરિચ્છેદ અવશ્ય પામી શકીશ, પણ તે કરતાં અધિક તો નક્કી ન જ પામું." પછી પ્રભાત સમયે ત્યાં મુનિઓના સ્વાધ્યાયધ્વનિના શબ્દો સાંભળતાં ઉપાશ્રયનાં દ્વાર પાસે બેસી ગયો. ત્યાં જૈનમતના વિધિથી તે તદ્દન અજ્ઞાત હોવાથી 'હવે શું કરવું?' તેનો ખ્યાલ ન આવવાથી જડ જેવો બની ગયો. એવામાં આચાર્ય તોસલિપુત્ર મહારાજને વંદન કરવા આવતો ઢઢ્ઢર નામે શ્રાવક તેના જોવામાં આવ્યો. તેની પાછળ રહીને તે મહામતિ આર્યરક્ષિતે પણ વંદન આદિ કર્યું. તે સમયે લક્ષણથી આચાર્યમહારાજે તેને નવીન જાણી સ્નેહથી પૂછ્યું કે—"હે ભદ્ર! તને ધર્મની પ્રાપ્તિ ક્યાંથી થઈ?" ત્યારે ઢઢ્ઢર શ્રાવકને બતાવતાં તે બોલ્યા—આ ઉત્તમ શ્રાવકથી જ. એમ બોલ્યા ત્યાં એક મુનિએ તેને ઓળખી લીધા અને જણાવ્યું કે—"ગઈ કાલે રાજાએ મહોત્સવપૂર્વક જેનો નગરમાં પ્રવેશ કરાવ્યો તે આ સોમદેવ પુરોહિતનો અને રુદ્રસોમાનો પુત્ર છે. એ ચાર વેદોનો જાણકાર છે. એનું આગમન અહીં સંભવતું નથી, છતાં અહીં કેમ આવેલ છે તે સમજાતું નથી."

વ્યાકુળતા રહિત આર્યરક્ષિતે માતાનું કથન સંભળાવ્યું, જે સાંભળતાં ગુરુ ચિંતવવા લાગ્યા કે—"આ વિપ્ર કુલીન અને આસ્તિક છે. એનો માર્દવગુણ કુળને અનુચિત છે, પણ એમાં સુકૃતાચાર સંભવિત હોવાથી એ જૈનધર્મને ઉચિત છે." પછી શ્રુતમાં ઉપયોગ દેતાં, પૂર્વના પાઠને ઉચિત તથા શ્રી વજ્રસ્વામીસૂરિ પછી તેને ભાવિ પ્રભાવક સમજીને આચાર્ય મહારાજ બોલ્યા કે—"હે ભદ્ર! જૈન દીક્ષા વિના દૃષ્ટિવાદ અપાય નહિ. કારણ કે વિધિ સર્વત્ર સુંદર હોય છે."

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે આર્યરક્ષિત કહેવા લાગ્યા કે—"હે ભગવન્! પૂર્વે મારા નવ સંસ્કાર થઈ ગયા છે. હવે જૈનેન્દ્રસંસ્કારથી આપ મારા શરીરને અલંકૃત કરો. પરંતુ એ સંબંધમાં મારે કંઈક કહેવાનું છે તે આપ લક્ષ્યપૂર્વક સાંભળો. મિથ્યામોહથી બધા લોકો મારા અનુરાગી છે. તેમ જ આ વૃત્તાંત રાજાના જાણવામાં આવતાં તે પણ કદાચ દીક્ષાને મુકાવે. કારણ કે સ્વજનોની મમતા દુસ્ત્યજ્ય છે. માટે પોતાના બાળકરૂપ મને પ્રસન્ન થઈને દીક્ષા આપતાં આપને અન્ય દેશમાં વિચરવું પડશે, કારણ કે તેથી શાસનની લઘુતા ન થાય."

આચાર્યશ્રીએ આ વાતનો સ્વીકાર કરી, નગર બહાર જઈને આર્યરક્ષિત પંડિતને દીક્ષા આપી અને પછી આ નવદીક્ષિત મુનિને આગળ કરી તરત જ અન્યત્ર વિહાર કર્યો. ત્યાં ગુરુ-મહારાજે તેમને મૂળસહિત અંગ–ઉપાંગ આદિ ગ્રન્થો અને તેવાં તેવાં તપોવિધાનથી કેટલાંક પૂર્વો પણ ભણાવ્યાં. તેઓ વિનયપૂર્વક પોતાના આચારને પાળવા લાગ્યા અને વ્રતના સ્વરૂપને પણ બરોબર સમજી શક્યા. પછી શેષ પૂર્વોનો અભ્યાસ કરવા ગુરુમહારાજે તેમને આચાર્યશ્રી વજ્રસ્વામી પાસે જવા આજ્ઞા આપી. આથી તેમણે ઉજ્જયિની તરફ વિહાર કરતાં રસ્તામાં એક ગામમાં ગીતાર્થ મુનિઓ સાથે શ્રી ભદ્રગુપ્તસૂરિના ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. ત્યાં તેમને ઓળખી જઈ શ્રી ભદ્રગુપ્તસૂરિએ ભેટીને કહ્યું કે—"હે પૂર્વાભિલાષી આર્યરક્ષિત! તને કુશળતા છે ને? આ મારી અંતિમ અવસ્થામાં તું મારો સહાયક થઈને મને મદદ કર. કારણ કે કુલીન પુરુષોની એવી ફરજ હોય છે." આર્યરક્ષિતમુનિએ તે કબૂલ્યું અને એકાગ્રચિત્તથી તેમની સેવા કરવા લાગ્યા.

એક વખત આચાર્ય ભદ્રગુપ્તસૂરિએ આર્યરક્ષિત મુનિને કહ્યું કે—"હે વત્સ! તારી વૈયાવચ્ચથી હું અત્યંત પ્રસન્ન થયો છું. હવે મારે તને કંઈક ગુપ્ત કહેવાનું છે, તો સાવધાન થઈને સાંભળ. વજ્રસ્વામી પાસે તારે અભ્યાસ તો કરવો, પરંતુ તું હંમેશાં અલગ ઉપાશ્રયમાં આહાર, પાણી અને શયન કરજે. કારણ કે તેમની મંડળીમાં એક વાર પણ જે આહાર કરે અને રાત્રે તેમની પાસે શયન કરે તેને શ્રી વજ્રસ્વામીના સાન્નિધ્યના પ્રભાવે એવો વૈરાગ્ય પ્રગટે કે તે પણ આચાર્ય વજ્રસ્વામી સાથે અણસણ સ્વીકારવા તૈયાર થઈ જાય અને તેમની સાથે જ કાળધર્મ પામવાનું વિચારે. તું પ્રભાવક અને જિનશાસનરૂપ મહાસાગરનો કૌસ્તુભમણિ સમાન છે. વળી તું સંઘનો આધાર થવાનો છે. માટે મારું વચન માન્ય કરજે એમ હું ઇચ્છું છું." ત્યારે સૂરિમહારાજના ચરણે શિર નમાવી તેમણે કહ્યું કે—"હે પ્રભો! આપનું એ વચન મારે શિરોધાર્ય છે."

પછી શ્રી ભદ્રગુપ્તસૂરિ કાળધર્મ પામ્યા. મુનિ આર્યરક્ષિત શ્રી વજ્રસ્વામીસૂરિ પાસે અભ્યાસ કરવા ચાલ્યા. એવામાં શ્રી વજ્રસ્વામીએ સ્વપ્ન જોયું, અને પોતાના શિષ્યોને જણાવ્યું કે—"આજે પાયસથી પૂર્ણ ભરેલ પાત્રથી મેં આવેલ અતિથિને પારણું કરાવ્યું, એટલે તેમાં અલ્પ માત્ર શેષ રહ્યું. તો એ સ્વપ્નનો વિચાર કરતાં મને લાગે છે કે, આજે કોઈ પ્રાજ્ઞ અતિથિ મારી પાસે આવીને મોટા ભાગનું શ્રુત ગ્રહણ કરશે અને અલ્પ માત્ર બાકી રહેશે." આ પ્રમાણે આચાર્ય વજ્રસ્વામી બોલતા હતા ત્યાં મુનિ આર્યરક્ષિત આવ્યા. અપૂર્વ અતિથિને જોઈ વજ્ર-સ્વામીસૂરિએ આર્યરક્ષિતને આવકાર આપતાં કહ્યું કે—"હે ભદ્ર! તમે ક્યાંથી આવો છો?"

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આર્યરક્ષિત બોલ્યા કે—"હે પ્રભો! હું તો આચાર્ય શ્રી તોસલિપુત્ર પાસેથી આવું છું." એ સાંભળી વજ્રસ્વામીસૂરિ બોલ્યા—"શું તમે આર્યરક્ષિત છો? શેષ પૂર્વોનો અભ્યાસ કરવા અહીં અમારી પાસે આવ્યા છો? પણ પાત્ર–સંથારો વગેરે તમારાં ઉપકરણો ક્યાં? તે લઈ આવો. આજે તમે અમારા અતિથિ છો તેથી ગોચરી વહોરવા ન જશો. અહીં જ આહાર–પાણી કરીને અધ્યયન શરૂ કરો." એટલે મુનિ આર્યરક્ષિત કહેવા લાગ્યા—"હું બીજા ઉપાશ્રયમાં ઉતર્યો છું. તો આહાર–પાણી અને શયન ત્યાં જ કરીશ." ત્યારે વજ્રસ્વામી બોલ્યા—"અલગ રહેવાથી અભ્યાસ કેમ થઈ શકે?" એટલે મુનિ આર્યરક્ષિતે શ્રી ભદ્રગુપ્તસૂરિએ કહેલ વચન કહી સંભળાવ્યું. ત્યારે 'અહો, એમ છે!' એમ બોલતાં વજ્રસ્વામીએ શ્રુતમાં ઉપયોગ મૂકયો. પછી તેમણે જણાવ્યું કે—"મારી સાથે આહાર અને શયન કરવાથી ગુરુના કહ્યા પ્રમાણે સાથે અંત થાય, એ વચન સૂરિમહારાજ ઉચિત બોલ્યા છે; માટે હવે તેમ જ થાઓ." પછી શ્રી વજ્રસ્વામીસૂરિ તેમને પૂર્વોનો અભ્યાસ કરાવવા લાગ્યા. એમ કરતાં દસમા પૂર્વનો અર્ધભાગ શરૂ કર્યો. એમાં મુશ્કેલીથી અભ્યાસ કરી શકાય તેવા ભાંગા, દુર્ગમ ગમક, દુષ્કર પર્યાય અને સમાન શબ્દોના જવિક હતા. તેનાં ચોવીશ જવિકનો અભ્યાસ કરી લીધો; પરંતુ અભ્યાસ કરતાં તેમને ભારે શ્રમ પડવા લાગ્યો.

આ બાજુ આર્યરક્ષિતમુનિની માતા રુદ્રસોમા વિચારવા લાગી કે—"અહો! વિચાર વિના કામ કરવા જતાં મને પોતાને જ તેના પરિણામે પરિતોષ રૂપ ફળ મળ્યું. હૃદયને આનંદ આપનારો આર્યરક્ષિત સમાન પુત્ર મેં હાથે કરીને મોકલી દીધો. માટે તેને બોલાવવા હવે ફલ્ગુરક્ષિતને મોકલું." એમ ધારીને તેમણે સરળ એવા સોમદેવ પુરોહિતને પૂછ્યું, ત્યારે તે બોલ્યો કે, "હે ભદ્રે! તારું કહેલ મને પ્રમાણ છે, માટે તને યોગ્ય લાગે તેમ કર." પછી તેણે પોતાના બીજા પુત્રને મોકલતાં ભલામણ કરી કે, "હે વત્સ! તું તારા ભાઈ પાસે જા અને મારું કથન તેને નિવેદન કર કે, માતાએ તને બંધુસમાગમથી રહિત કરી મોહ તજાવ્યો, પરંતુ વાત્સલ્યભાવને તો જિનેશ્વરોએ પણ માન્ય કરેલ છે. કારણ કે ગર્ભમાં રહેલા શ્રી વીર-પ્રભુએ પણ માતાની ભક્તિ સાચવી. માટે હવે સત્વરે આવીને માતાને તારું મુખ બતાવ, નહિતર મારે પણ તારા માર્ગનો આશ્રય લેવો પડશે અને તે પછી તારા પિતા અને પુત્ર-પુત્રી વગેરે માટે પણ એ જ રસ્તો છે. વળી તારે કદાચ સ્નેહભાવ ન હોય તો ઉપકારબુદ્ધિથી એક વાર હર્ષપૂર્વક આવીને મને કૃતાર્થ કર. હે વત્સ! માર્ગ અને દેહમાં યત્નયુક્ત થઈને તું જા અને પ્રમાણે કહેજે. તારા ભાગ્ય પર અમે જીવનારા છીએ."

માતાનું વચન સાંભળીને નમ્ર ફલ્ગુરક્ષિતે પોતાના બંધુ મુનિ આર્યરક્ષિત પાસે જઈને તેને માતાનું કથન કહી સંભળાવ્યું કે, "માતાને વિશે વત્સલ આવો તારા જેવો બંધુ કોણ હશે? કારણ કે કુળલજ્જાને લીધે તારા પિતાએ તો મને કંઈ પણ આક્રોશવચન સંભળાવ્યું જ નથી. તો હે વત્સ! તું સત્વરે આવ અને તારું મુખ મને બતાવ. તારા દર્શનામૃતથી તૃપ્ત થઈ હું તૃષ્ણારહિત થાઉં. હે બંધો! આપણી માતા રુદ્રસોમાએ મારા મુખથી તને એ પ્રમાણે કહેવરાવ્યું છે, માટે કૃપા કરીને તમે સત્વરે ચાલો." આ કથન સાંભળી શ્રી આર્યરક્ષિતમુનિ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વૈરાગ્યથી કહેવા લાગ્યા કે, "હે ફલ્ગુરક્ષિત ! આ ક્ષણભંગુર સંસારમાં મોહ કેવો ? અથવા કયો સુજ્ઞ પોતાના અધ્યયનમાં અંતરાય કરે ? અસાર વસ્તુને માટે સાર વસ્તુનો ત્યાગ કરવાની કોઈ ઇચ્છા ન કરે. તું જો મારા પર સ્નેહ ધરાવતો હોય તો મારી પાસે રહે અને દીક્ષા વિના ન રહેવાય તેમ હોવાથી તું દીક્ષા ધારણ કરી લે." ત્યારે તેણે તે પ્રમાણે કબૂલ કરતાં આર્યરક્ષિતમુનિએ પોતાના બંધુને તરત દીક્ષા આપી.

આર્યરક્ષિત પોતે ભારે બુદ્ધિશાળી હતા, છતાં જવિક અધ્યયનપાઠથી તે અત્યંત થાકી ગયા એટલે તેમણે આચાર્ય વજ્રસ્વામીને પૂછ્યું કે—"હે ભગવન્ ! હજી કેટલું અધ્યયન બાકી છે ?" ત્યારે ગુરુએ કહ્યું કે—"તમારે પૂછવાની શી જરૂર છે ? અભ્યાસ કર્યા કરો." આથી તેઓ ફરીથી અભ્યાસ કરવા લાગ્યા. પછી કેટલોક સમય વ્યતીત થયા બાદ તેમણે ગુરુમહારાજને ફરીથી પૂછ્યું, એટલે શ્રી વજ્રસ્વામીસૂરિએ કહ્યું કે—"તમે તો હજી સરસવ જેટલું ભણ્યા છો અને મેરુ જેટલું બાકી છે. માટે મારું વચન સાંભળો. સંબંધીઓના અલ્પ મોહને લીધે તમે જે પૂર્વના અધ્યયનને તજવા ધારો છો તે કાંજીથી દૂધ, લવણથી કપૂર, ચણોઠીથી સુવર્ણ, ક્ષારભૂમિથી રત્નખાણ અને ધતૂરાને બદલે ચંદનનો ત્યાગ કરવા જેવું કરો છો. માટે અભ્યાસ કરો. શ્રુતસાગરના મધ્યભાગને પામતાં સદ્જ્ઞાનરૂપરત્નો ફળરૂપે પામી શકશો." આ સાંભળી તેમણે કેટલાક દિવસ સુધી ભારે પશ્રિમપૂર્વક અભ્યાસ કર્યો. એવામાં તેમના લઘુબંધુએ માતા પાસે આવવાની પુનઃ પ્રેરણા કરી. એટલે આર્યરક્ષિતમુનિએ શ્રી વજ્રસ્વામી પાસે અનુજ્ઞા લેતાં જણાવ્યું કે—"હે સ્વામિન્ ! સંબંધીના સમાગમ માટે ઉત્કંઠિત બનેલા આ સેવકને મોકલવાની કૃપા કરો. તેઓને મળીને હું અભ્યાસ કરવાને સત્વરે પાછો આવીશ." શ્રી વજ્રસ્વામીએ આર્યરક્ષિતમુનિનું વચન સાંભળી શ્રુતમાં ઉપયોગ મૂક્યો. તેથી તેમના જાણવામાં આવ્યું કે—"એ ફરી પાછા આવતાં મને મળી શકશે નહીં. કારણ કે મારું આયુષ્ય હવે અલ્પ છે. એટલો અભ્યાસ કરવાની જ એની યોગ્યતા છે. તેથી દશમું પૂર્વ મારી પાસે જ રહી જશે." એમ ધારીને તેમણે કહ્યું કે—"હે વત્સ ! તું જા. તારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. અત્યારે તારા જેવો બુદ્ધિશાળી બીજો કોઈ નથી તેથી તને અભ્યાસ કરાવવાની અમારી ઇચ્છા થઈ; નહિ તો આટલી પ્રાપ્તિ ક્યાંથી થાય ? હવે તને માર્ગમાં કાંઈ બાધા ન થાઓ." એમ સાંભળી ગુરુના ચરણે નમી આર્યરક્ષિત પોતાની જન્મભૂમિ તરફ ચાલ્યા અને વિચરતાં વિચરતાં પોતાના બંધુ સહિત પાટલિપુત્ર નગરે પધાર્યા. ત્યાં સાડા નવ પૂર્વ ભણી આવેલા અને ગુણના નિધાન એવા મુનિ આર્યરક્ષિત પોતાના ગુરુ તોસલિપુત્ર આચાર્યને મળ્યા. તોસલિપુત્ર તેમને આચાર્યપદે સ્થાપી સ્વર્ગે સંચર્યા.

ત્યાર પછી આચાર્ય આર્યરક્ષિતસૂરિ દશપુરનગરમાં પધાર્યા. ફલ્ગુરક્ષિતમુનિએ આગળથી માતાને સમાચાર આપ્યા હતા કે—"તમારા પુત્ર આચાર્ય થઈને આવ્યા છે." આચાર્ય આર્યરક્ષિતસૂરિ પધારતાં, તેમને મુનિવેશધારી જોઈ, માતા હર્ષથી રોમાંચિત થયાં. સોમદેવ પુરોહિત પણ ત્યાં આવ્યા. માતા–પિતા વગેરેને અનેક પ્રકારે મનુષ્યજન્મની દુર્લભતા સમજાવી, પ્રતિબોધ પમાડી, સામાયિક વ્રતના ઉચ્ચારપૂર્વક તેમને દીક્ષા આપી.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય આર્યરક્ષિતસૂરિના શિષ્યસમુદાયમાં ધૃતપુષ્પમિત્ર અને વસ્ત્રપુષ્પમિત્ર નામના બે લબ્ધિવંત મુનિઓ હતા. વળી તે ગચ્છમાં ચાર પ્રાજ્ઞ મુનિવરો હતા; તે દુર્બલિકાપુષ્પમિત્ર, વિંધ્યમુનિ, ફલ્ગુરક્ષિત અને શુક્રાચાર્યના ધર્મશાસ્ત્રને જીતનાર ગોષ્ટામાહિલ. તેમાંના મહાજ્ઞાની વિંધ્યમુનિએ ગુરુને વિજ્ઞપ્તિ કરી કે—"હે ભગવન્! અનુયોગની મોટી મંડળીમાં પાઠના ઘોષથી મારો શ્રુતપાઠ સ્ખલિત થાય છે. માટે મને અલગ પાઠ આપો." ત્યારે ગુરુ બોલ્યા—"હું પોતે તમારી આગળ વ્યાખ્યાન આપતાં મોટી મંડળીનું શી રીતે ઉલ્લંઘન કરું? માટે ઉપાધ્યાય દુર્બળ પુષ્પમિત્ર તમારા વાચનાચાર્ય થશે; તેમની પાસે શીઘ્ર અભ્યાસ કરો." એક વખત દુર્બળ પુષ્પમિત્રે અંજલિ જોડી ગુરુને એકાંતમાં કહ્યું કે—"હું વાચનામાં વ્યગ્ર હોવાથી મારો પોતાનો અભ્યાસ ભૂલી જાઉં છું. જો આપ એને મારી પાસે વાચના અપાવશો તો મારું નવમું પૂર્વ અવશ્ય વિસ્મૃત થઈ જશે." એ સાંભળી આચાર્ય ચિંતવવા લાગ્યા કે, આવા બુદ્ધિશાળી મુનિ પણ જો આગમને ભૂલી જશે તો બીજાથી તે કેમ ધારણ કરી શકાશે?

(શ્રી આર્યરક્ષિતસૂરિ સાડા નવ પૂર્વના જ્ઞાતા હતા. તેથી શરીરવિજ્ઞાન, મતિવિજ્ઞાન તથા માનસવિજ્ઞાન વગેરેના ઊંડા જાણકાર હતા. તેમણે વિચાર્યું કે, એક તો પડતો કાળ છે. બાર બાર વર્ષોના દુષ્કાળ પડવાથી શ્રુતજ્ઞાનમાં મોટો હ્રાસ થયો છે; અને હવે કદાચ આવા એક–બે દુષ્કાળ પડશે તો શ્રુતજ્ઞાનનો સર્વથા નાશ થશે. બીજું, સંહનનબળ પણ ઘટતું જાય છે. દુર્બળિકા-પુષ્પમિત્ર જેવા બુદ્ધિમાન મુનિઓ પૂર્વધર બન્યા છતાં દૂબળા રહે છે. અને વાચના આપવાની અશક્તિ દર્શાવે છે. મહાજ્ઞાની વિંધ્યમુનિને પણ સ્મૃતિદોષ થઈ જાય છે ત્રીજું, જિનાગમનું પ્રત્યેક સૂત્ર અનંત અર્થોથી ભરેલું છે, ગંભીર છે; દરેક સૂત્રમાં ઓછામાં ઓછા ૧. દ્રવ્ય, ૨. ચરણકરણ, ૨. ગણિત અને ૪. ધર્મકથા—એ ચાર અનુયોગો તો છે જ. એ દરેકને ધારણ કરે એવી બુદ્ધિવાળા મુનિઓ થોડા છે. એટલે એ ચાર અનુયોગોની રક્ષા કરવા જતાં સૂત્રોની રક્ષા કરવી મુશ્કેલ થઈ પડશે. ચોથું, શ્રુતધરો સ્થવિર છે, વૃદ્ધ છે અને નાગેન્દ્ર વગેરે મુનિઓ બિલકુલ નવા છે. તેઓને બને તેટલા ઓછા સમયમાં શ્રુતજ્ઞાન આપી દેવું જોઈએ. કાળ થોડો છે અને કામ ઘણું છે.

આ રીતે શ્રી આર્યરક્ષિતસૂરિએ ગંભીર વિચાર કર્યો. સમકાલીન પ્રભાવક આચાર્યોની સંમતિ લીધી. દરેક સૂત્રપાઠનો એકેક પ્રધાન અર્થ કાયમ રાખી, ગૌણ અર્થોને જતા કર્યા, અને એ રીતે દરેક આગમને ચાર અનુયોગમાં વહેંચી નાખ્યા, જે આ પ્રમાણે હતા—૧. દ્રવ્યાનુયોગ : દૃષ્ટિવાદ. ૨. ચરણકરણાનુયોગ : ૧૧ અંગો, છેદસૂત્રો, મહાકલ્પ, ઉપાંગો, મૂળસૂત્ર; ૩. ગણિતાનુયોગ : સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ અને ૪. ધર્મકથાનુયોગ : ઋષિભાસિત, ઉત્તરાધ્યયન. આ અનુયોગો યુગપ્રધાનાચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિએ વીરનિર્વાણ સં. ૫૯૨ (લગભગ)માં જુદા પાડ્યા છે અને આગમોને ચિરંજીવ બનાવ્યા છે. આ અનુયોગ પ્રમાણે જ વર્તમાનમાં આગમોનું પઠન-પાઠન થાય છે. આ સ્તુત્ય કાર્ય દશપુર (મંદસૌર) નગરમાં નાની સરખી ત્રીજી આગમવાચનાના સમયે થયું હતું. તેમાં વાચનાચાર્ય નંદિલસૂરિ, ગણાચાર્ય વજ્રસેનસૂરિ આદિ પ્રભાવક શ્રમણ-ભગવંતો ઉપસ્થિત હતા.)

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

એક વખત શ્રી આર્યરક્ષિતસૂરિ મથુરાનગરીમાં તે ભૂમિના અધિષ્ઠાયક વ્યંતરના મંદિરમાં ઊતર્યા. એવામાં મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામીને વંદન કરવા સૌધર્મેન્દ્ર ગયા. તેમણે ભગવંતની દેશના સાંભળી. તે વખતે પ્રભુએ પ્રસંગોપાત્ત તત્ત્વથી નિગોદની વાત કહી સંભળાવી. એટલે ઇન્દ્રે પ્રશ્ન કર્યો કે—"હે ભગવન્! વર્તમાનમાં ભરતક્ષેત્રમાં નિગોદનું સ્વરૂપ જાણનાર કોણ છે?" ત્યારે પ્રભુએ કહ્યું કે—"મથુરાનગરીમાં આર્યરક્ષિતસૂરિ મારી જેમ નિગોદનું સ્વરૂપ સમજાવી શકે છે." એ સાંભળી ઇન્દ્ર વિસ્મય પામ્યો. ભગવંતના વચન ઉપર જો કે ઇન્દ્રને શ્રદ્ધા હતી, તો પણ આશ્ચર્યને માટે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ તે ગુરુ પાસે આવ્યો. તે વખતે તેના બંને હાથ ધ્રૂજતા હતા. વાળ શ્વેત હતા. શ્વાસનો પ્રસાર સ્પષ્ટ જણાતો હતો. આંખમાંથી પાણી ગળી રહ્યું હતું. એવા રૂપધારી ઇન્દ્રે તેમને નિગોદના જીવોનો વિચાર પૂછ્યો. એટલે સૂરિમહારાજે તેમને યથાસ્થિત સ્વરૂપ કહી બતાવ્યું; જે સાંભળી ઇન્દ્ર આશ્ચર્ય પામ્યો. પછી તેમના જ્ઞાનનું માહાત્મ્ય જાણવાની ઇચ્છાથી તેણે પોતાનું આયુષ્ય પૂછ્યું. ત્યારે શ્રુતના ઉપયોગથી ગુરુ ચિંતવવા લાગ્યા કે—આનું આયુષ્યપક્ષ, માસ, વરસ, સેંકડો વરસ, હજારો વરસ, સેંકડો પલ્યોપમ કે સાગરોપમથી પણ સમાપ્ત થતું નથી. છેવટે બે સાગરોપમનું તેનું આયુષ્ય જાણવામાં આવતાં ગુરુ બોલ્યા કે—"તમે સૌધર્મેન્દ્ર મારી પરીક્ષા કરવા ઇચ્છો છો?" એટલે મનુષ્ય જોઈ શકે તેવું રૂપ પ્રકાશતાં ઇન્દ્રે યથાસ્થિત વૃત્તાંત કહી સંભળાવ્યો અને પછી તે પોતાને સ્થાને ચાલ્યો ત્યારે સાધુઓ આવે ત્યાં સુધીમાં કંઈક ચમત્કાર બતાવવા ઇન્દ્રે કહ્યું. એટલે રૂપ, ઋદ્ધિના નિદાન કરવાના ભયને લીધે આચાર્યે તેનો નિષેધ કર્યો. તથાપિ કાંઈ ચિહ્ન રૂપે કરી બતાવ, એમ આચાર્યના કહેવાથી તેણે ઉપાશ્રયનું દ્વાર વિપરીત કરી દીધું. પછી સ્વસ્થાને ગયો. એવામાં મુનિઓ આવ્યા. તેઓને દ્વાર ન જડ્યું. ગુરુએ તેઓને દ્વાર બતાવ્યું. સાધુઓ આશ્ચર્ય પામ્યા. ગુરુએ તેઓને ઇન્દ્રનું યથાસ્થિત નિવેદન કરીને નિઃશંક કર્યા.

પછી આચાર્યમહારાજે અન્યત્ર વિહાર કર્યો. એવામાં એક નાસ્તિકવાદી મથુરામાં આવ્યો. તેને ગોષ્ઠામાહિલમુનિએ વાદમાં જીતી લીધો. એટલે શ્રીસંઘે તેમને ત્યાં જ ચોમાસું કરાવ્યું. હવે આર્યરક્ષિતસૂરિએ પોતાના પદે કોણ યોગ્ય છે તેનો વિચાર કર્યો; ત્યારે દુર્બળિકા પુષ્પમિત્ર ઉપર તેમનું મન ગયું. તે વખતે આચાર્યમહારાજના જે સંબંધી હતા તેમણે ફલ્ગુરક્ષિતને સૂરિપદે લાવવાનો વિચાર કર્યો અને ગચ્છના આધિપત્યમાં ગોષ્ઠામાહિલને સ્થાપવાનો વિચાર રજૂ કર્યો. આથી ત્યાં ત્રણ કુંભ લાવવામાં આવ્યા. ગુરુમહારાજે તેમાં અડદ, તેલ અને ઘી અલગ અલગ ભર્યા, અને પછી ખાલી કર્યા. તેમાં અડદ બધા બહાર નીકળી આવ્યા, તેલ કંઇક રહી જવા પામ્યું, અને ઘી તો ઘણું ચોંટેલું રહ્યું. પછી ગુરુમહારાજે કહ્યું કે—"આ ઉદાહરણ જુઓ. દુર્બળિકા પુષ્પમિત્રમાં હું અડદના કુંભની જેમ નિર્લેપ છું, બંધુ ફલ્ગુરક્ષિતમાં તેલના કુંભની જેમ કંઈક સલેપ છું અને માતુલ પર ઘૃતકુંભની જેમ વધારે લિપ્ત છું. માટે મારા પદ પર દુર્બલિકા પુષ્પમિત્ર જ યોગ્ય છે." તેમનું આ વચન અન્ય મુનિઓએ માન્ય કર્યું. પછી ગુરુએ સૂરિમંત્રપૂર્વક દુર્બલિકા પુષ્પમિત્રને પોતાના પદ પર સ્થાપન કર્યા. નૂતન સૂરિને ગચ્છના



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અન્ય મુનિઓએ, પિતા–ભાઈમહારાજ અને સાધ્વીઓએ મધુર વચને શિખામણ આપી. એ પ્રમાણે ગચ્છની વ્યવસ્થા કરી આર્યરક્ષિતસૂરિએ પ્રાતઃકાળે અનશન આદર્યું અને જન્મસ્થળ મંદસૌરમાં જ વીરનિર્વાણ સં. ૫૯૭માં તેઓ સ્વર્ગે સિધાવ્યા. પછી શ્રી પુષ્પમિત્રસૂરિ ગચ્છને પ્રવર્તાવવા લાગ્યા. તેમણે ગુરુ કરતાં પણ અધિક ગચ્છને સમાધિ ઉપજાવી. જ્યારે શ્રી ગોષ્ઠામાહિલ વિરોધી થઈને સાતમો નિહ્નવ થયો. ('પ્રભાવકચરિત્ર'ને આધારે).

[ આચાર્ય આર્યરક્ષિતસૂરિ ૧૯મા યુગપ્રધાન હતા. વલ્લભી યુગપ્રધાન પટ્ટાવલ્લીમાં તેમનું સંપૂર્ણ આયુષ્ય ૭૫ વર્ષનું હતું, જેમાં ૨૨ વર્ષ ગૃહમાં, ૪૪ વર્ષ મુનિપણામાં અને ૧૩ વર્ષ યુગપ્રધાનપદે વ્યતીત થયાં. તેમનો જન્મ વીરનિર્વાણ સં. ૫૨૨ (વિ. સં. ૫૨)માં, દીક્ષા વીરનિર્વાણ સં. ૫૪૪ (વિ. સં. ૭૪)માં, યુગપ્રધાન આચાર્યપદ વીરનિર્વાણ સં. ૫૮૪ (વિ. સં. ૧૧૪)માં અને સ્વર્ગવાસ વીરનિર્વાણ સં. ૫૯૭ (વિ. સં. ૧૨૭)માં થયો હતો.—પં. કલ્યાણવિજયજી મહારાજને આધારે. ]

### જ્ઞાન–ધ્યાનમાં સતત રત અને વિદ્યાવિનયમાં ઉત્કૃષ્ટ યુગપ્રધાન

## આચાર્યશ્રી દુર્બલિકા-પુષ્પમિત્રસૂરિજી મહારાજ

આચાર્ય દુર્બલિકા-પુષ્પમિત્ર સ્વાધ્યાયયોગ અને ધ્યાનયોગના વિશિષ્ટ સાધક હતા. નવ પૂર્વના જ્ઞાતા હતા. તેમના ગુરુ આચાર્ય આર્યરક્ષિતસૂરિ હતા.

આચાર્ય દુર્બલિકાપુષ્પમિત્રનો જન્મ વીરનિર્વાણ સં. ૫૫૦માં મંદસૌરમાં થયો હતો. તેમના પિતા બૌદ્ધધર્મી હતા. પોતે આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી જૈનધર્મી બની દીક્ષા અંગીકાર કરી હતી. સંયમજીવન સ્વીકાર્યા પછી તેમણે આર્યરક્ષિતસૂરિ પાસે આગમો તેમ જ પૂર્વોનો અભ્યાસ કર્યો. શાસ્ત્રોના અધ્યયનમાં નિરંતર ઉદ્યમી રહેવાથી અને પ્રબળ ધ્યાનસાધનાના પરિશ્રમથી તેમનું શરીરસંસ્થાન અત્યંત દૂબળું થઈ ગયું હતું. એકવાર તેમના સંસારી કુટુંબીજનોએ મુનિજીને આવા દૂબળા–પાતળા જોઈ, આચાર્ય આર્યરક્ષિતસૂરિને પૂછ્યું કે—"આ બહુ દૂબળા દેખાય છે. આપ તેમને સાત્ત્વિક આહાર લેવાની મનાઈ કરતા હશો કે ખૂબ તપસ્યા કરાવતા હશો, એમ લાગે છે." તેઓના સમાધાન ખાતર આચાર્યે તેમના ઘરેથી મંગાવી સાત્ત્વિક મુનિ દુર્બલિકાપુષ્પમિત્રને આહાર કરાવ્યો; અને પછી બતાવ્યું કે તેમના સતત સ્વાધ્યાયના પરિશ્રમથી આહાર બળી જાય છે. પણ પછી સ્વાધ્યાય બંધ કરાવી સાત્ત્વિક આહાર લેવરાવતાં તેમનું શરીર ઠીક થયું. આમ, સતત સ્વાધ્યાયને કારણે જ શરીર દૂબળું રહે છે તેની પ્રતીતિ થઈ.

આચાર્ય આર્યરક્ષિતસૂરિને ઘૃતલબ્ધિસંપન્ન શ્રી ઘૃતપુષ્પમિત્ર અને વસ્ત્રલબ્ધિસંપન્ન શ્રી વસ્ત્રપુષ્પમિત્ર નામે બે શિષ્યો હતા. તે બે સિવાય બીજા પણ ચાર પ્રમુખ શિષ્યો હતા. દુર્બલિકાપુષ્પમિત્ર, ફલ્ગુરક્ષિત, વિંધ્યમુનિ અને ગોષ્ઠામાહિલ, દુર્બલિકાપુષ્પમિત્ર વિદ્યાવિનયાદિ ગુણોથી યુક્ત હતા તેથી તેમના ઉપર શ્રી આર્યરક્ષિતસૂરિની વિશેષ કૃપા હતી. બુદ્ધિશાળી ફલ્ગુરક્ષિત એ આર્ય-

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org